**પરમ સમીપે...**

**- કુન્દનિકા કાપડીઆ**

**૧.**

પૃથ્વી પર મારા આ છેલ્લા દિવસો છે,
હવે કોઇ પણ ઘડીએ મારી આંખ મીંચાઈ જાય એમ બને.

જીવનની આ છેલ્લી પળોમાં,

હે પરમાત્મા,
હું તમારી અને કેવળ તમારી જ નિકટતા અનુભવી રહું, એવું કરજો.

મારું મન કશી વસ્તુમાં, કોઈ વ્યક્તિમાં, કોઈ વૃત્તિમાં રોકાઈ ન રહે

કોઈ પીડાથી તે વિચલિત ન થાય

કોઈ અધૂરપથી ગ્લાનિમાં ન અટવાય

એવું કરજો.

મૃત્યુ પળે હું માંગુ છું માત્ર તમારું સ્મરણ
તમારું સાંનિધ્ય

હોઠ પર તમારું નામ

હૃદયમાં તમારો ધ્વનિ.

***- પરમ સમીપે - ૯૪***

*

૨.

જીવનના, તેજ - છાયાથી ભરેલા હજારો દિવસો

જેમની સાથે મેં વિતાવ્યા છે,
તેમની હવે વિદાયની પળ આવી છે.

ભગવાન, અત્યારે હું મારો વિચાર નહિ કરું.

હું કેમ જીવીશ ને મારું શું થશે - એની ચિંતા નહિ કરું.

પ્રેમથી અમે સાથે જીવ્યાં છીએ

પ્રેમથી હું વિદાય આપીશ.

*પરમ સમીપે - ૯૫*

*

3.

મારી પ્રાર્થનાના શબ્દો જ્યારે શમી જાય

અને તેનો ધ્વનિ પણ આકાશમાં લય પામે

ત્યારે મારા ભાવના સ્પંદનો
હૃદયમાં ઝંકૃત થયા કરશે.

એ ભાવની લહરીઓ પણ

તમારે ચરણે ઢળી, ઉછળી, ઓસરી જાય

ત્યારે મારા પ્રાણના ગંભીર તટે

તમારો સ્પર્શ રહેશે.

ભાવનાં આ વહેણ

ભાવસ્થૈર્યની પ્રશાંત ભૂમિમાં પહોંચે

ત્યારે તમારી સાથે

મારું અસ્તિત્વ ભાવ - ઐકય પામી રહેશે.

***પરમ સમીપે– ૯૮***

*